સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
ફોન : ૨૩૨૨૬૨૫૧

સમય કાઢવા લડે કોર્ટે, સુપ્રીમ કોખલું છે,
દાંત કોઇ કાઢે કોના પર, બધાનું બોખલું છે,
ચોખલું છે કોણ? છે બધાની બેઠક લીંપેલી -
ભયમાં લોકશાહી, મૂલ્યોનું માળખું ખોખલું છે..

હાઈકુ

ફફડે શાંતિ,
ખૂન ખરાબા વચ્ચે -
ધ્રૂજે સુરક્ષા

સત્તા સપને
સીએમ-પીએમ વચ્ચે
પ્રજા ભીંસમાં..

(રાજ્યનો ન કોઇ ધણી ધોરી, બે લગામ કાયદો-વ્યવસ્થા)

ચિંતન

પુષ્પે ગંધં તિલે તૈલં કાષ્ટે અગ્નિં પયસિ ઘૃતમ્ ।
ઇક્ષૌ ગુડં તથા દેહે પશ્યા-આત્માનં વિવેકતઃ ॥

ચાણક્ય નીતિ શાસ્ત્રોનો આ શ્લોક છે :

'ફૂલમાં સુગંધ હોય જ છે પારખુ એ તે પામવાની શક્તિ કેળવવી જોઇએ, તલમાં તેલ હોય છે તે પરિશ્રમ પૂર્વક ખાંડી-ઘાણી દ્વારા ઘાંઘી પ્રાપ્ત કરી શકે છે, એવી જ રીતે સૂકાં લાકડાંમાં અગ્નિ પણ રહેલો જ છે, દૂધમાં ઘી રહેલું જ હોય છે તે સંપૂર્ણ મક્રિયા પૂર્ણ કર્યા પછી દીક્ષ્ણપૂર્વક પામી શકાય છે, શેરડીના સાંઠામાં મિઠાસ ખાંડ અને ગોળ રહેલાં જ છે જે પ્રયત્નપૂર્વક શ્રમિક લોકો પામી શકે છે; એવી જ રીતે શરીરમાં-આત્મા અને પરમાત્મા રહેલા જ છે તે જાણવાનો અને પામવાનો પરિશ્રમ મહાત્મા-સાધુ-સંતો કરતા રહે છે.'

આપણે યાત્રાઓ, મંદિર-મસ્જિદ, દેવળો, નદી-સરોવર, સ્વાધ્યાય-સત્સંગોમાં રખડી-ભટકી 'ઇશ્વર' પામવાના નિર્દોષ પ્રયત્ન પાછળ આયુષ્ય-ધન-તેડફી નાખીએ છીએ-આ બધું જ કસ્તૂરી મૃગ જેવું છે નાભિમાં રહેલ 'કસ્તૂરી'ની સુગંધ-ક્યાંથી આવે છે તે શોધવા બિચારૂં મૃગ દોડાદોડી થાકીને હતાશ થઇ જાય છે પણ 'કસ્તૂરી' ને શોધી કે પામી નથી શકતું!

કબીર, રમણ મહર્ષિ, અરવિંદ, રામકૃષ્ણ એ ગામડાં કમાવાની ફૂંડીમાં ગંગાજી જોનાર ભક્તો જ સાચાં 'આત્મદર્શન' દ્વારા 'પરમાત્મા'ને પારખી શકે છે અહીં વિવિધ દૃષ્ટાંત દ્વારા આ 'દિવ્ય-દૃષ્ટિ' આપવાનો પ્રયત્ન થયો છે.

સુવિચાર

- ચિંતા આખી રાતનો ઉજાગરો કરાવે છે ત્યારે શ્રદ્ધા ઊંઘની ચાદર આપે છે- **એસ. ભટ્ટાચાર્ય**
- જ્યારે જ્યારે તમે ગુસ્સે થાવ છો ત્યારે ત્યારે તમારા શરીરમાં સૂક્ષ્મ ઝેર પ્રસરે છે
  - મુનિ સૂરજકીર્તિ સાગરજી
- આળસ ઘણા દુઃખોના સમૂહનું એક નામ છે **- હાલર વાલેસ**
- સિતારા હોય એને ગ્રહણ નથી મળતું, ફૂલોને ફાગ મળી જાય, રણ નથી મળતું, આ એક સુખ કુદરતના ન્યાયમાં જોયું, ગજા બહારનું દુઃખ કોઇને પણ નથી મળતું **- જવાન માતરી**
- આપણા ત્રણ વાસ્તવિક શત્રુ છે : દરિદ્રતા, રોગ અને મૂર્ખતા, એવા વીરને ધન્ય છે જે ત્રણેય વિરૂદ્ધ યુદ્ધે ચડે છે **- કાન્તિ ભટ્ટ**
- પૈસો જાય છે ત્યારે કંઇક જાય છે, પ્રતિષ્ઠા જાય છે ત્યારે કંઇક વધારે જાય છે, અને હિંમત જાય છે ત્યારે સર્વસ્વ જતું રહે છે **- ડો. વિક્રમ સારાભાઇ**
- કોમળતા હૃદયનો ધર્મ છે અને દુર્બળતા દેહનો ધર્મ છે, કાયાને વજ્રથી પણ વધુ મજબૂત બનાવો, અને હૃદયને પુષ્પથી પણ કોમળ બનાવો **- ધ્યાન મુજ**

- (સંકલન : દિપક વી. આસરા)

બોધ કથા

માનવ જન્મ આપવા પાછળ ઇશ્વરનો કંઇક હેતુ-ઇરાદો હશે જ. આપણે જે ક્ષેત્રમાં છીએ એમાં ઇશ્વરનું કંઇક કાર્ય કરીને જ જવું જોઇએ. મૃત્યુ પછી ઇશ્વર આપણને પૂછશે મેં તને કયા હેતુ માટે મોકલ્યો હતો! તું શું કરી આવ્યો? સ્વામી રામદાસ દરરોજ એક ટેકરી પર ચઢી ચિલાઇને ઇશ્વરને પૂછતા - 'તેં મને કયા કામ માટે મોકલ્યો છે?'

મહાન અંગ્રેજ કવિ જહોન મિલ્ટનનું આંખોનું તેજ ધીમે ધીમે ઓસરવા લાગ્યું - અંતે અંધ થઇ ગયા. એમણે વિચાર્યું ઇશ્વર મારી લખવાની મિષ્ઠા ચકાસવા માંગે છે... હજુ સુધી મેં જે કંઇ લખ્યું છે એમાં કંઇ 'અદ્‌ભૂત' લખાયું નથી, એનો પણ મને અફસોસ તો છે જ અને અંતિમ ક્ષણ પછી ઇશ્વર જ્યારે મારો જવાબ માગશે ત્યારે હું શું જવાબ આપીશ?

ઇશ્વરની કૃપા હોય તો જ કાર્યસિદ્ધિ થાય - જો કૃપા ન હોય તો પરિશ્રમ પછી પણ સિદ્ધિ મળતી નથી - પ્રયત્ન અને ઇશ્વર કૃપાનાં સંકલનનું પરિણામ એટલે સફળતા-ઇશ્વરે મારી કલ્પના શક્તિમાં વિશેષ રંગ પૂરવા જ કદાચ મારી આંખો-નજર લીધી છે હવે હું મારા અંતર ચક્ષુથી કાવ્ય રચના કરીશ - અને 'પેરેડાઇઝ લોસ્ટ' ની વિશ્વ વિખ્યાત મહાકાવ્યની રચના થઇ..

ઇશ્વરની કૃપા જોવા-સમજવા માટે પણ અંતરની દૃષ્ટિ જોઇએ.

Email - sureshchandrabhatt18@gmail.com

મજુર હોય કે માલિક શિક્ષણ તો દરેકે લેવું જ જોઇએ આજે ટેકનોલોજી ક્ષણે ક્ષણે સક્રિય થઇ રહી છે ત્યારે શિક્ષણ એ જ મહત્ત્વનો પાયો ગણી શકાય દરેક વ્યક્તિએ દેશ-વિદેશની ભાષા શિખવી જોઇએ

ભાલ પંથકે જેમાં સેવાના બીજ રોપ્યા છે એવા ઉદ્યોગકાર અને દાનવીર એટલે ધરમશીભાઇ હરજીભાઇ મોરડીયા

મોંઘેરા મોતી
- નટવર આહલપરા

દરેક પ્રદેશ, પ્રાંત અને પંથની એક આગવી ઓળખ અને સોડમ હોય છે. સાળંગપુર હનુમાનજી, ભીમનાથ મહાદેવ, ફકડાનાથ આશ્રમ, અયોધ્યાપુરમ્ વ. જેવી તપોભૂમિમાં આજે કળિયુગમાં સત્કર્મો અને માનવ સેવાના કાર્યો લોકો તન, મન અને ધનથી કરે છે. ભાવનગરથી અમદાવાદ જઇએ એટલે વલ્લભીપુર અને બરવાળા આવે. અત્યાર સુધી બરવાળા અમદાવાદ જીલ્લાનો તાલુકો હતો પણ હવેથી બોટાદ જીલ્લાનો તાલુકો ગણાશે. ભાલના ઘઉં ભાલના મેળા અને મળવા જેવા માણસોનું તો શું કહેવું?

અત્યંત તપવાળી, દિવ્ય ભૂમિ એટલે ભોળાનાથ ભીમનાથ મહાદેવનું મંદિર. ભીમનાથ ગામે સિત્તેર વર્ષ પૂર્વે જન્મેલા ધરમશીભાઇ ભલે છ ધોરણ ભણ્યા છે પણ આજે તેઓ શિક્ષણ અંગે પ્રતિભાવ આપતા કહે છે, 'મજુર હોય કે માલિક શિક્ષણ તો દરેકે લેવું જ જોઇએ. આજે ટેકનોલોજી ક્ષણે ક્ષણે સક્રિય થઇ રહી છે ત્યારે શિક્ષણ એ જ મહત્ત્વનો પાયો ગણી શકાય. દરેક વ્યક્તિએ દેશ-વિદેશની ભાષા શિખવી જોઇએ.'

ધરમશીભાઇના પિતા હરજીભાઇ અને માતા જીવી બહેન પણ ભાગ્યસાળી કેજેમને ધરમશીભાઇ, પૌત્ર હરેશભાઇ અને પ્રપૌત્ર ચિ. શરદભાઇ જેવા સંતાનો મળ્યા. જ્યારે ધરમશીભાઇને અને જીવીબહેન પણ સદ્‌નસીબ ગણાય કારણ તેઓને માતાપિતાના આશીર્વાદ, સંસ્કાર, ધર્મ, અનેક સદ્‌ગુણો મળ્યા જે ઇશ્વરની અન્યય કૃપા ગણી શકાય!

શ્રી ધરમશીભાઇ સાથે ફોન ઉપર વાત કરતાં ઘણી પ્રેરક બાબતો જાણવા મળી જે સંક્ષિપ્ત રીતે અહીં પ્રસ્તુત છે જે યુવાનોને ઉપયોગી થશે. ધરમશીભાઇને એક દીકરા તેમનું નામ હરેશભાઇ પિતા અને પુત્રના સખત પુરૂષાર્થના પરિપાક રૂપે આજે કાર્યરત છે તે વ્યવસાય સંકુલનું નામછે મહાદેવ કન્સ્ટ્રકશન કંપની.

ધરમશીભાઇ કહે છે, 'અમે સભાનતા અને સાવધાની સાથે વ્યવસાય' કરીએ છીએ. માનવતા, પ્રમાણિકતા અને નીતિમત્તા એ અમારા જીવન મંત્ર છે. રાષ્ટ્ર, સમાજ માટે અત્યારે ઋણ ચુકવવાનો સમય છે. કૃતજ્ઞતા વ્યક્ત કરવી એ પણ ધર્મ છે.

ધરમશીભાઇના ધર્મપત્ની કનુબહેન પાંચ ધોરણ ભણ્યા છે પણ ગણ્યા છે ઘણું. મોરડીયા પરિવારના ગુણ, સંસ્કાર, ધર્મ અને સ્નેહ તેમણે તેમની કુશાગ્ર શક્તિ અને કુનેહથી જાળવી રાખ્યા છે. કોમ્પ્યુટર યુગ વિશે મંતવ્ય આપતા ધરમશીભાઇ કહે છે કે, 'કોમ્પ્યુટર આધુનિક યુગમાં મહત્ત્વનું સાધન છે? તેઓ નસીબદાર છે કે વાંચન માટે બહોળો સમય ફાળવી શકે છે. કોઇ ટીવી સિરીયલ જોવાનું વ્યસન નથી. બાધા, આખડી, માનતા, ઉપવાસ કે વ્રત-એકટાણાંમાં બહુ રસ ન ધરાવતા ધરમશીભાઇ જાતે મનની શાંતિ અને એકાગ્રતા માટે પૂજાભાઠ કરે છે. ભારતમાં ચારધામની યાત્રા પણ કરી છે.'

પ્રમુખ લેઉવા પટેલ પ્રગતિ મંડળ અમદાવાદ - વાઇસ ચેરમેન, સરદાર પટેલ હેલ્થ ફાઉન્ડેશન ધંધુકા, મેનેજીંગ ટ્રસ્ટી - વિનાયક એજ્યુકેશન ટ્રસ્ટ, અમદાવાદ, સંપાદક - સમાજ સુવાસ અને મંત્રી - પટેલ પ્રગતિ મંડળ ધંધુકાની સંસ્થાઓમાં તેઓ તન, મન અને ધનથી સેવારત છે.

ખાસ કરીને ધંધુકા ખાતે સરદાર પટેલ હેલ્થ ફાઉન્ડેશનમાં ગત વર્ષે ૧ કરોડ અને ૭૨ લાખની ઘટ હોસ્પિટલમાંથી આવી હતી. ૨૦ જેટલા દાતાઓએ આ ઘટ પુરી કરવા તેમાં ધરમશીભાઇનું યોગદાન હોય જ. આ ફાઉન્ડેશનમાં દર્દીઓ પાસેથી સારવારની કે તપાસની કે રીપોર્ટનો એક રૂપિયો પણ લેવામાં આવતો નથી. હોસ્પિટલમાં લગભગ સર્જનોની સેવા ઉપલબ્ધ હોય છે અને સર્જનીના, ટેસ્ટના આધુનિક મશીનો પણ છે.

સાંપ્રત સમયમાં યુવાનોનો દોષ નથી પણ તેઓની સામે મોબાઇલ, કોમ્પ્યુટર, લેપટોપ, ઇન્ટરનેટ, આઇપોડ જેવા ઉપકરણો એટલા બધા આવી ગયા છે કે તેનો વિવેકપૂર્વક ઉપયોગ કરવાનું ચૂકી જાય છે. સમય, સ્થળકાળનું ભાન ભૂલી તે સતત નેટનો, ફેસબુકનો ઉપયોગ કરે છે એટલે તેની આંખ, ડોક, કમર અને પગ જલદી શિથિલ થઇ જાય છે. તેનું મગજ અને શરીર થાકેલું હોય છે એટલે તે પોતાના માટે કે પરિવાર, મિત્રો માટે સમય ફાળવી શકતા નથી.

આવે સમય બુલંદ પંક્તિઓ યાદ આવે

જો ચટ્ટાનોસે ટકરાયે ઉસે તુફાન કહતે હૈ,
જો તુફાન સે ટકરાયે ઉસે યુવાન કહતે હૈ.

અહિં ઉપરોક્ત વાત મેં એટલે પ્રસ્તુત કરી છે કે જેમાં ધરમશીભાઇના પ્રેરક વિચારો ભળ્યા છે : 'ઘણાં લોકો પચાસ - સાંઇઠ વર્ષે પરિપક્વતા માંડ માંડ મેળવે એલે અથવા યુવાનો, ઘમંડ, સત્તા અને સંપત્તિમાં આળોટતા રહે છે અને પરિપક્વતા આવતી નથી અને તેને તથા તેના પરિવારને ઘણું ગુમાવવું પડે છે.'

પણ જ્યારે પરિવારમાં યુવાનોમાં આવું ન બને પૌત્ર દાદા અને દાદીની નજર સામે કુશળ પુરવાર થાય ત્યારે દાદા, દાદીનું મસ્તક ઇશ્વર અને પૂર્વજો સમક્ષ અચુક જુકી જાય!

ધરમશીભાઇ, જીવીબહેન, હરેશભાઇ અને શ્રીમતી કૈલાસ બહેન હરેશભાઇ મોરડીયાના પરિવારમાં પણ આવી કૃપાવૃષ્ટિ થઇ છે.

હરેશભાઇના સુપુત્ર શરદ્‌ભાઇએ માત્ર ૨૪ વર્ષના છે. તરવરાટ તો એમનો જ. વિનમ્રતા જેવા ગુણો જેમનામાં ઉતર્યા છે તેવા શરદભાઇએ B.E.Civil નો અભ્યાસ કર્યો છે અને હાલ મહાદેવ કન્સ્ટ્રકશન કંપનીની પાંચેક જેટલી સાઇટ તેઓ સંભાળે છે. મોરડીયા પરિવારના વ્યવસાય, વ્યવહાર અને ગુણ સંસ્કારના વારસાને સંભાળતા યુવાન શરદભાઇને શુભેચ્છા - અભિનંદન આપીએ.

અહીં ઝવેરચંદ મેઘાણીની પંક્તિઓ આજે પણ તરોતાજા લાગે છે,

ઘટમાં ઘોડા થનગને આતમ વિંઝે પાંખ,
અણદીઠેલી ભોમ પર યૌવન માંડે આંખ.

ખરેખર કળિયુગ ખરાબ છે જ નહીં, માણસની વૃત્તિ દુર્વૃત્તિ બને નહીં તેનું ધ્યાન રાખવાનું છે. આજે એક રૂપિયાનું દાન કરનારને ઇશ્વર અનેક ગણું પાછું આપે છે. જલ્દીથી માલામાલ થઇ જવાની લાલસાનું પરિણામ સંતાનોને ભોગવવી પડે છે એવા અનેક ઉદાહરણો મેં જોયા છે.

ધરમશીભાઇ હરજીભાઇ મોરડીયા પરિવારનો માળો સદા હર્યોભર્યો રહે, સુખ, સંસ્કાર, સ્નેહ અને સુખની સરવાણી સતત વહેતી રહે તેવી પરમ કૃપાળુ પરમાત્માને પ્રાર્થના છે. ધરમશીભાઇનો મો. નં. છે : ૯૮૨૫૩૨૦૩૪૦

દિવસ બપોરે પહોંચ્યા પછી થંભી ગયો છે...

વિચાર યાત્રા
- ડો. જય ઓઝા

કોઇક વાર એકાન્તની ભારે ઉત્કંઠા જાગી ઉઠે છે, એવું એકાન્ત જેમાં આપણું પોતાનું 'હોવાપણું' પણ ખલેળ ન પહોંચાડે, આપણી અંતર્મુખ થવાની વૃત્તિ એકાન્ત ઝંખે છે.

જ્યારે કશુંક ચિત્તમાં આકાર ધારણ કરવા માંડે છે ત્યારે આપણે તેમાં જ ઓતપ્રોત થઇ ઊઠીએ છીએ.

રિલ્કેએ કહ્યું છે કે 'એકાન્ત હોય એ તો સારૂં, કારણ કે એકાન્ત જીરવવું અઘરૂં હોય છે.' પીડા અને દુઃખનું ઘોડાપુર આવી જાય ત્યારે ઉપરોક્ત સ્થિતિમાં સરી પડાય છે.

પૂર્ણ પુરૂષોત્તમ શ્રીકૃષ્ણ વિશે કોઇ દિવસ શાંતિથી વિચાર કરજો, આપણને જણાશે કે કૃષ્ણ જેવી એકલતા કદાચ કોઇની નહોતી જે અવસાદ જે દુઃખ કૃષ્ણએ હસી હસીને અનુભવ્યું છે, કદાચ તે શક્તિ તે કારણે પણ તેઓ પૂર્ણ પુરૂષોત્તમ કહેવાય!

રાધા અને ગોકુળ છોડીને નંદ અને યશોદાને ત્યજીને કર્તવ્ય પંથ પર મથુરા ચાલ્યા જવું; ત્યાર પછી એ જ માતા - પિતા અને સ્નેહાળ લોકોને છોડીને કપટી અને દુરાચારી લોકો વચ્ચે જઇને વસવું, એ કાંઇ જેવી તેવી વાત છે!

રાધા અને નંદ-યસોદાનો નિર્મળ પ્રેમ તેમને આખી જિંદગી બીજા કોઇ પાસેથી ન મળ્યો, કૃષ્ણ જેવી એકલતાની મૂર્તિ સમુ બીજું કોઇ ન હતું...

પ્રભાસ પાટણ પાસે આ જ અવસાદ આ જ વિષાદથી ઘેરાયેલા કૃષ્ણ એકલતા અને એકાન્તની પાતળી ભેદરેખા હવે તેનો કદાચ શાંતિથી જોવા માંગતા હતા... સરસ્વતીના નિર્મળ જળની સરવાણી વચ્ચે શ્રીકૃષ્ણ પગ ચડાવીને એકાંત ઝંખતા હતા, ત્યારે જ તેમનાં એકાન્તને ચીરતું પારધીનું બાણ તેમને ખૂપી ગયું, કદાચ આ જ કારણે ત્યાર પછી સરસ્વતી નદી પણ પૃથ્વીના પેટાળમાં વહેવા લાગી છે.

એકાંત ખરેખર તો સ્વંય સાથે સંવાદ કરવાનું સાધન છે.

જીવન મેં દોનો આતે હૈ,
મિટ્ટી કે પલ સોને કે ક્ષણ,
જીવન સે દોનો જાતે હૈ,
પાને કે પલ, ખોને કે ક્ષણ,
હમ જિસ ક્ષણ મેં જો કરતે હૈ,
હમ બાધ્ય વહીં હૈ કરને કો
હંસને કા ક્ષણ પાકર હંસતે હૈ
રોતે હૈ પા રોને કે ક્ષણ.

વાસ્તવમાં મનુષ્ય જ્યારે સ્વસ્થ, અને સંતુષ્ટ હોય ત્યારે અને કોઇ પીડા ન હોય ત્યારે માણસને દર્શન સુઝે છે...

જીવનમાં એક કાળ એવો આવે છે, જ્યારે પડછાયો પણ આપણાથી વેગળો ચાલે છે, મિત્ર અને મિત્રતા બંને જ્યારે ઝૂંટવાઇ જાય ત્યારે... ત્યારે પરાણે એકલતા સાથે ભાઇબંધી કરવી પડે છે.

પાર્ટીઓ અને દરબારો ડાયરાઓ વચ્ચે રહેવા છતાં આપણે એકલા છીએ...

શુદ્ધ અને સાત્ત્વિક એકાન્તને આજના વાતાવરણમાં શક્ય છે ખરૂં?

કેટલીકવાર તો આવા એકાન્તમાંથી આપણને ઘણા પ્રશ્નોના ઉત્તર આપોઆપ મળી જાય છે...

દિવસ જાણે બપોર સુધી પહોંચ્યા પછી એકાએક થંભી ગયો હોય તેવો ઠહરાવ જિંદગીમાં આવી જાય છે, શબ્દો તો ઘણા છે પણ કોઇ યોગ્ય લાગતા નથી...

શબ્દોનો પથ્થર બનાવીને જગત પર ફેંકે રાખવા તેના કરતા મનમાં ભંડારી દેવા વધુ યોગ્ય છે.

હૃદયમાં જે અવિરત ચાલ્યા જ કરે છે તેની અસહ્યતાનો ભાર ન ઝીલી શકવાને કારણે પણ જો તેને અભિવ્યક્ત કરવા જાય તો સાવ પાસેના વ્યક્તિ પણ એમાં વિશ્વાસ મૂકતા નથી... આથી ધીમે ધીમે વાણીમાંથી પીછેહઠ કરીને મૌનની શિલા નીચે જીવતે જીવંત ઘરબાઇ જવા સિવાય બીજું કશું કરવાનું રહેતું નથી.

આ વિષય સામાજિક પરિસ્થિતિઓમાં, અભદ્રતાની હદ વટાવી જતા રાજકારણીઓની બિભત્સ વાતોથી, કૌભાંડોથી દાંત કચકચાવીને નિરાશાની વાતો કરવાનું ઝનૂન ચડે છે....

એકાન્ત સજીવન કરે છે, જ્યારે એકલતા મારી નાખે છે. મનમાં વિચારોની ધમાચકલી ચાલે છે... હું હજી તાજુ ફુટેલ કૂંપળનું આશ્વાસન લેવા મથું છું... 'સબ સલામત'ના નારા લગાવવા ઇચ્છું છું...

જાણું છું કે આ બધી હત્યા, આ હિંસા, ભ્રષ્ટાચાર, અત્યાચાર - બધું જ આપણને કોઠે પડી ગયું છે... આપણી સહનશીલતા અને ક્ષમાશીલતાની તો હદ નથી... ગમે તેવા રાજનેતાને સહી લેવાની શરમજનક સહનશીલતા સાથે આપણે મૂંગા બેઠા છીએ... આ ક્ષમાશીલતા વધુને વધુ ગહન એકલતામાં સરકી જવામાં સહાયરૂપ થઇ પડે છે.

એકલતામાં વિચારો અસ્પષ્ટતાથી અને મિશ્રિત આવે છે... જ્યારે આપણને કોઇ મૂંગા બનાવી દે છે ત્યારે જ મૌન છે તે ખરેખર પશુની અબોલતા કહેવાય... ભાવશૂન્ય, લાગણી શૂન્ય ચિત્તશૂન્ય અવસ્થામાં પહોંચાડવા માટે આજના યુગમાં પર્યાપ્ત સાધનો મળી રહે છે.

સમય એવો છે કે, પોતાના સગા અને સ્નેહીજનો માટે આપણી પાસે સમય નથી તો પોતાની જાત માટે સમય ક્યાથી કાઢીએ!

દરેક વ્યક્તિ ભર ટોળામાં પોતાનું એકાન્ત લઇને ચાલતો હોય છે, એકલતા સાથે બાખડતો હોય છે... એકલા હોવું, એકલા પડી જવું, એકલા પાડી દેવામાં આવવું, આ બધામાં ફરકે છે.

પ્રભુના શરણમાં જ વિષયોની પરિસમાપ્તિ છે

પોઝિટિવ થિન્કિંગ
- યશવંત કડીકર

જે બ્રહ્મમાં રૂપ, રસ, શબ્દ, સ્પર્શ અને રતિનો આનંદ નિષિદ્ધ છે તે બ્રહ્મ જ આપણું હિતકારી છે

અલોલુપતા એટલે કે વિષયો તરફ લાલચની દૃષ્ટિ ન રાખવી. એ દૈવી સંપત્તિનો વિશિષ્ટ ગુણ છે. પરંતુ જીવની સતત વિષયો તરફ પ્રવૃત્તિ છે. નાનાં પતંગિયાંઓથી લઇને મહાબળવાન માણસ ઇન્દ્રિય વાસનાઓ તરફ પ્રવૃત્ત છે. ફેર છે તે તો એટલો જ કે ક્ષુદ્ર જીવોની વાસનાઓ કેન્દ્રિત છે, જ્યારે માણસો પોતાની વાસનાઓ અમર્યાદિત રીતે વધારી દીધી છે. એમાં વિષયપૂર્તિ માટે સ્થાયી ભંડાર બનાવી રાખ્યા છે, સુરક્ષિત કિલ્લા બનાવી રાખ્યા છે અને પોતાની વિષય વાસના એટલી બધી વધારી દીધી છે કે, એના કારણે તે હિંસા, મારઝૂડ અને લડવામાં જ ઘેરાયેલો રહ્યો છે. બધા જ સંઘર્ષોનું કારણ છે માનવીની અદમ્ય કામનાઓ. વિષયો પ્રત્યેને લોલુપતા, વિષયલોલુપતા સંઘર્ષોની માતા છે, જ્યારે અલોલુપતા આનંદ અને શાંતિનો પ્રવાહ છે.

પરંતુ વિષયોમાં સાથે જ આનંદ છે? એમાં સુખની ભ્રાંતિ - માત્ર જ છે. ઉપનિષદકર ઋષિઓનું દર્શન છે કે આ ભ્રાંતિ જ છે. આનંદ વિષયોમાં નથી. એનું મૂળ બ્રહ્મ છે. એ મૂળને જ પકડો. જે બ્રહ્મમાં રૂપ, રસ, શબ્દ, સ્પર્શ અને રતિનો આનંદ નિષિદ્ધ છે તે બ્રહ્મ જ આપણું હિતકારી છે.

વિષય એટલે સારો લાગે છે કે એમાં રસ છે. દરેક પ્રાણી રસની શોધમાં દોડી રહ્યું છે. નીરસ જીવન કોઇને ગમતું નથી. રસ વગરની વાતો, રસ વગરનું જીવન, રસ વગરની મિત્રતા અને રસાહીન કામ - વેપાર પણ કોઇને ગમતાં નથી. નીરસતા જીવનનો ભાર છે. આ રસની શોધ જ તે ઇન્દ્રિયોના માધ્યમથી વિષયવસ્તુઓમાં કરે છે, પરંતુ જેટલો તે વિષયવસ્તુઓમાં અને રૂપમાં રસની શોધ કરે છે, એટલું જ દુઃખ પામે છે. સંયોગ સાથે વિયોગ, યશની સાથે અપયશ, લાભની સાથે નુકસાન અને જીવન સાથે મરણનો યોગ જરૂરી છે. વિષયરસના રૂપમાં જે તે સિક્કાને પકડવાનો પ્રયાસ કરે છે ને ત્યારે જુએ છે કે તેની એક નહિં, બે બાજુ છે - સુખ અને દુઃખ. કો પિણ આજ સુધી એક બાજુવાળો સિક્કો શોધી નથી શક્યું, કારણ, વિષયોનો આનંદ છે જ ભ્રાંતિ. એ માયા છે, મૂર્છાનો પ્રવાસ છે. ઉપનિષદ કહે છે. "રસો વૈ બ્રહ્મ." પરિપૂર્ણ રસ જ બ્રહ્મ છે અથવા બ્રહ્મ જ રસનું કેન્દ્ર છે. સંત કબીરે કહ્યું છે, કસ્તૂરી નાભિમાં હોવા છતાં મૃગ વ્યર્થ રીતે વનમાં ભટકીને કસ્તૂરી શોધતો ફરે છે. આ રીતે આનંદરૂપી કસ્તૂરી તો અંદર જ છે. એને વિષયોમાં શોધીને શા માટે જીવન નષ્ટ કરવું? 'કસ્તુરી કુંડલિની વસે, મૃગ ઢંઢે વન માંહી.'

● વિષયોનું મિથ્યાત્વ :

વિષયોની યાત્રા એક ભ્રાંતિ છે અને સરળતાથી સમજાવી શકાય છે. આ ઇન્દ્રિય - અનુભૂતિ સાપેક્ષ છે અને ઇન્દ્રિયોની અનુભૂતિ મર્યાદિત તથા અપૂર્ણ છે એટલે કે આ ભ્રાંતિ છે, સત્ય નથી. ઉદાહરણ રૂપે જોઇએ તો પ્રાણીજગત તરફ નજર કરીએ તો "ભૂંતને કચરો વહાલો છે, માખીઓને ગંદકી ગમે છે, પરંતુ મધમાખીને આ બધું ગમતું નથી. એને પુષ્પ - પરાગમાં જ રૂચિ હોય છે. દરેક પ્રાણીઓની ઇન્દ્રિય - અનુભૂતિ જુદી છે, એટલે એમને જુદા જુદા પદાર્થ પ્રિય લાગે છે. જે એકના માટે અપ્રિય છે, તે બીજા માટે પ્રિય છે. આ માયાવી જગતનું ચક્ર છે. જો કે, આ ચક્રમાં જુદા જુદા બોધ તેને ગતિશીલ રાખી શકે અને સંતુલન જળવાઇ રહે. માનવ બાળક લઇએ. નાનું બાળક માટીમાં રમે છે, એને માટી ખાવી ગમે છે. જ્યારે એ બાળક મોટું થાય ત્યારે એને માટી ખાવા આપશો, તો એ ગુસ્સે થઇ જશે અને કહેશે કે 'હું ગાંડો છું કે માટી ખાઉ?' હવે તે રમકડાથી રમે છે. એને એ ગમે છે. વધુ મોટો થતાં એને રમકડાં રમવા આપશો તો એનો એ જ જવાબ હશે, 'શું હું ગાંડો છું કે નાનું બાળક છું કે રમકડાથી રમું?' ઉંમર વધતાં ડહાપણ વધતું જાય છે અને એથી ગઇ કાલે જે સત્ય અને વહાલું હતું તે આજે અસત્ય અને અપ્રિય થઇ જાય છે."

શ્રીકૃષ્ણ કહે છે, 'અલોલુપ બનો, હે અર્જુન!' અહીં અર્જુન દરેક ભક્ત છે. દરેક સાધક અર્જુન છે, જેને ભગવાન કૃષ્ણ અલોલુપ થવાનો ઉપદેશ આપે છે, કારણ, વિષયલોલુપતામાં સુખ નથી, સુખના આભાસની ભ્રાંતિ માત્ર છે. એટલે શ્રીકૃષ્ણ વિષયો પ્રત્યે અલોલુપ થઇ જવાનું કહે છે. બધાં કર્મોની દોડ વિષયોની આકાંક્ષાઓનું કારણ જ છે. ચિરવિશ્રાંતિ તો પ્રભુ ચરણોમાં જ છે. એટલે ભગવાન કહે છે -

"સર્વધર્માન્ પરિત્યજય મામેકં શરણં વ્રજ." પ્રભુનાં ચરણમાં જ વિષયોની પરિસમાપ્તિ છે. અલોલુપતાની સાધના આપણને સહજ જ આત્મબોધ તરફ લઇ જાય છે.